©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ] THURSDAY, NOVEMBER 20, 2025 / KARTIKA 29, 1947 [ No. 47**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.**

**BY THE HIGH COURT OF GUJARAT, AT SOLA, AHMEDABAD**

**NOTIFICATION**

**No.A.0402/69**

In supersession of the orders contained in this High Court Notification of even number dated May 24, 2023, the Honourable Chief Justice of the High Court of Gujarat at Ahmedabad, in exercise of the powers conferred by Section 3 (2) (a) of the Oaths Act, 1969 (44 of 1969) read with Section 139 (b) of the Code of Civil Procedure, 1973 and Rule 7 of Order 11 of the Supreme Court Rules, 1966, has been pleased to empower Mr. H. H. Varma, at present working on deputation in the Legal Department, Gandhinagar as Joint Secratery, to administer Oaths for the purpose of Affidavits by Officers of Sachivalaya of the Government of Gujarat, to be filed in the proceedings before the Supreme Court of India and High Court of Gujarat.

By order of the Honourable Chief Justice of the High Court of Gujarat

**SANJAY D. SUTHAR,**

DATE: NOVEMBER 12th, 2025 REGISTRAR GENERAL.

----------

**કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી**

**જાહેરનામું**

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૩૦મી ઓક્ટોબર, ૨૦૨૫

**વંચાણમાં લીધુ :-**

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત મા.મ.વિભાગ, ગાંધીનગરના તા.૧૪/૧૦/૨૦૨૫ના પત્ર ક્રમાંક જિ.પં./બાં.વિ/પીબી/વશી ૧૦૫૮/ ૨૦૨૫

(૨) પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરના તા.૨૮/૧૦/૨૦૨૫ ના પત્ર ક્રમાંક : એલ.આઇ.બી./વહટ/રોડ ડાયવર્ઝન/૭૩૦૯/૨૦૨૫

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનું જાહેરનામું**

**નં.ડીસી/જાહેરનામું/વશી ૧૦૬૭૦ થી ૧૦૬૮૮/૨૦૨૫:-** કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત, મા.મ.વિભાગ, ગાંધીનગર દ્વારા આમુખ-(૧) ના પત્રમાં જણાવ્યાનુસાર જિલ્લા પંચાયત કચેરી હસ્તકના મુખ્ય જિલ્લા માર્ગ કલોલ-પલસાણા-જાસપુર- રોડનું હયાત ૭.૦૦ મીટર પહોળાઈમાં સ્ટ્રેથીંગ અને રીસરફેસીંગની કામગીરી સારૂ તા.૧૧/૦૧/૨૦૨૬ સુધી વૈકલ્પિક રૂટ પર ટ્રાફિક ડાયવર્ટ કરવા સારૂ તથા તે અંગેનું જાહેરનામું બહાર પાડવા અંગે રજૂઆત કરવામાં આવેલ છે.

પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરના આમુખ-(૨) ના પત્રમાં જણાવ્યાનુસાર અત્રેના જિલ્લાના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી કલોલ તાલુકા, સાંતેજ અને અડાલજ તેમજ જિલ્લા ટ્રાફિક પોલીસ સ્ટેશનનાઓના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી દ્વારા સદર ડાયવર્ઝન બાબતે રૂબરૂ સ્થળ નિરિક્ષણ કરવામાં આવેલ. જેની વિગતે સદર કામગીરી દરમ્યાન ટ્રાફિક અવર-જવરને અડચણરૂપ ન થાય તે હેતુસર વૈકિલ્પક રૂટ તરીકે (૧) પાલનપુર-અમદાવાદ તરફ જતાં વાહનો માટે અડાલજ કલોવર લીફ થઈ વૈષ્ણોદેવી સર્કલ તરફ (૨) પલસાણા ગામે જવા માટે કલોલ - ખાત્રજ રોડથી નર્મદા મુખ્ય કેનાલને સમાંતર જતા રોડ થઇ પલસાણા તરફ (૩) જાસપુર ગામે જવા માટે એસ.પી. રીંગરોડ થી ધરતી હોર્ટીકલ્ચર નર્સરી ફાર્મની બાજુમાંથી જતા ઔડાના ટી.પી. રોડ થઈ સ્વરાજ ઇન્ફાસ્ટ્રક્ચર આર.એમ.સી. પ્લાન્ટથી જાસપુર ગામ ડાયવર્ઝન આપવામાં આવે તો સરળતાથી ટ્રાફિક અવર-જવર થઈ શકે તેમ છે. જે અંગે સદર કામગીરી દરમ્યાન રોડ ઉપર અકસ્માત ન બને તથા ટ્રાફિક વ્યવસ્થા ખોરવાય નહીં જેની જરૂરી તકેદારી રાખવાની શરતે તથા જરૂરી સાઈન બોર્ડ તેમજ બેરીકેટીંગ કરવાની શરતે તેમજ સદર કામગીરી દરમ્યાન કોઈ વી.વી.આઈ.પી. મુવમેન્ટ કે અન્ય કારણોસર રસ્તો ખુલ્લો કરવાનો થાય તો અત્રેથી તથા પોલીસ તરફથી કોઈ સૂચના આપવામાં આવે તો તેનું ચુસ્ત પાલન કરવાની શરતે ઉપર મુજબનાં વૈકલ્પિક માર્ગ ઉપર ઉપરોક્ત દર્શાવેલ સમયગાળા દરમ્યાન ટ્રાફિકને લગતી તમામ શરતોને આધીન રહી ટ્રાફિક ડાયવર્ઝન આપવામાં આવે તો યોગ્ય હોવા અંગેનો અભિપ્રાય થાણાં અધિકારીશ્રીઓ તરફથી મળેલ છે. જેથી ટ્રાફિકને લગતી તમામ સૂચનાઓનો ચુસ્ત પણે અમલ કરવામાં આવે તે રીતે નિયત કરેલ ડાયવર્ઝન આપવામાં આવે અને તે મુજબ જાહેરનામું બહાર પાડવામાં આવે તો અત્રેથી કાંઈ વાંધા સરખુ નથી.

પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરના આમુખ-(૨)ના અહેવાલ મુજબ તમામ ટ્રાફિક સૂચનાઓનું તેમજ વી.વી.આઇ.પી.મુવમેન્ટ કે અન્ય કારણોસર અત્રેથી તેમજ પોલીસ અધીક્ષકશ્રી તરફથી વખતોવખત કોઇ જરૂરી સૂચનાઓનું યોગ્ય પાલન કરવામાં આવે તદઉપરાંત યોગ્ય ટ્રાફિક માર્શલો તથા સાઇનેઝ બોર્ડ તેમજ બેરીકેટીંગ લગાવી ટ્રાફિકને લગતી તમામ શરતોને આધીન રહી ઉક્ત સમયગાળા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂં જાહેર હિતમાં હું એન. આર. શર્મા જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવ્યા મુજબની વિગતે તા.૩૦/૧૦/૨૦૨૫ ના સવારના કલાક ૦૬:૦૦ થી તા.૧૧/૦૧/૨૦૨૬ ના રાત્રિના કલાક ૨૪/૦૦ સુધી નીચે જણાવેલ રસ્તા પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ કરવા તેમજ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**: પ્રતિબંધીત રૂટ :**

- જિલ્લા પંચાયત કચેરી, ગાંધીનગર હસ્તકના મુખ્ય જિલ્લા માર્ગ કલોલ-પલસાણા-જાસપુર- રોડનું હયાત ૭.૦૦ મીટર પહોળાઈમાં સ્ટ્રેથીંગ અને રીસરફેસીંગની કામગીરીકરવામાં આવનાર હોઇ તમામ વાહન વ્યવહાર માટે પ્રવેશ પ્રતિબંધ રહેશે.

**: ડાયવર્ઝન રૂટ :**

- પાલનપુર-અમદાવાદ તરફ જતાં વાહનો માટે અડાલજ કલોવર લીફ થઈ વૈષ્ણોદેવી સર્કલ તરફ જઇ શકાશે.
- પલસાણા ગામે જવા માટે કલોલ - ખાત્રજ રોડથી નર્મદા મુખ્ય કેનાલને સમાંતર જતા રોડ થઇ પલસાણા તરફ જઇ શકાશે.
- જાસપુર ગામે જવા માટે એસ.પી. રીંગરોડ થી ધરતી હોર્ટીકલ્ચર નર્સરી ફાર્મની બાજુમાંથી જતા ઔડાના ટી.પી. રોડ થઈ સ્વરાજ ઈન્ફાસ્ટ્રક્ચર આર.એમ.સી. પ્લાન્ટથી જાસપુર ગામ તરફ જઇ શકાશે.

સદર જગ્યાએ રાત્રીના સમયે દેખાય તે રીતેના ડાયવર્ઝન અંગેના જરૂરી સાઇનેઝીંગ બોર્ડ (સાઈનબોર્ડ ૪ ફૂટ × ૬ ફૂટ) ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં લગાડવાની વ્યવસ્થા કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત (મા.મ વિભાગ), જિલ્લા પંચાયત, સેક્ટર-૧૭, ગાંધીનગરએ તથા બેરીકેટીંગની વ્યવસ્થા પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરએ કરવાની રહેશે.

વધુમાં, હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમને સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા સદરહુ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોટાડી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની પ્રસિધ્ધિ કરવામાં આવે.

સદરહું હુકમ/જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યો.

**એન. આર. શર્મા,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ગાંધીનગર.

----------

**કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી**

**જાહેરનામું**

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૩૦મી ઓક્ટોબર, ૨૦૨૫

**વંચાણમાં લીધુ :-**

(૧) કાર્યપાલક ઇજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ-૩, ગાંધીનગરના તા.૧૬/૧૦/૨૦૨૫ ના પત્ર ક્રમાંક પીબી/૪૨૪૩/૨૦૨૫

(૨) પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરના તા.૨૮/૧૦/૨૦૨૫ ના પત્ર ક્રમાંક : એલ.આઇ.બી./વહટ/રોડ ડાયવર્ઝન/૭૩૧૦/૨૦૨૫

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) મુજબનું જાહેરનામું**

**નં.ડીસી/જાહેરનામું/વશી ૧૦૬૮૯ થી ૧૦૭૦૫/૨૦૨૫:-** કાર્યપાલક ઇજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ-૩, ગાંધીનગર દ્વારા આમુખ-(૧) ના પત્રમાં જણાવ્યાનુસાર ખીલારી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી કંપની દ્વારા ટ્રેક મુખ્ય ગટર લાઈનના બાંધકામની કામગીરી તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૧૫/૧૨/૨૦૨૫ સુધી દિવસ ૪૫ સુધી ખ-૨ થી ખ-૧ રોડ પર ડાબી બાજુના રસ્તાનો રોડ બંધ રાખવાનો હોય તેમજ તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી દિવસ ૯૨ સુધી ખ-૧ થી નાના ગ-૧ રોડ પર ડાબી બાજુના રસ્તાનો રોડ બંધ રાખીને સદર કામગીરી કરવામાં આવનાર છે. જે અન્વયે સદર કામગીરી દરમિયાન વૈકલ્પીક રૂટ પર ટ્રાફિક ડાયવર્ટ કરવા સારૂ તથા તે અંગેનું જાહેરનામું બહાર પાડવા અંગે રજૂઆત કરવામાં આવેલ છે.

પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરના આમુખ-(૨) ના પત્રમાં જણાવ્યાનુસાર અત્રેના જિલ્લાના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી સેક્ટર-૦૭ પોલીસ સ્ટેશન તેમજ જિલ્લા ટ્રાફિક પોલીસ સ્ટેશનનાઓના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી દ્વારા ચકાસણી કરાવવામાં આવેલ. જેની વિગતે (૧) તા. ૦૧/૧૧/૨૦૨૫ થી તા.૧૫/૧૨/૨૦૨૫ સુધી દિવસ ૪૫ સુધી ખ-૨ થી ખ-૧ રોડ પર ડાબી બાજૂનો રોડ બંધ રાખીને કામગીરી કરવામાં આવનાર છે. જે અન્વયે સદર કામગીરી દરમ્યાન તેની સામેની બાજૂનો રોડ ખુલ્લો રાખી સીંગલ લાઇનમાં વાહનો ડાયવર્ટ કરવામાં આવે તે રીતે ડાયવર્ઝન આપવામાં આવે તો સરળતાથી ટ્રાફિક અવર-જવર થઈ શકે તેમ છે. તેમજ (૨) તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી દિવસ ૯૨ સુધી ખ-૧ થી નાના ગ-૧ રોડ પર ડાબી બાજૂનો રોડ બંધ રાખીને કામગીરી કરવામાં આવનાર છે. જે અન્વયે સદર કામગીરી દરમ્યાન તેની સામેની બાજુનો રોડ ખુલ્લો રાખી સીંગલ લાઇનમાં વાહનો ડાયવર્ટ કરવામાં આવે તે રીતે ડાયવર્ઝન આપવામાં આવે તો સરળતાથી ટ્રાફિક અવર-જવર થઇ શકે તેમ છે. રોડ ઉપર અકસ્માત ન બને તથા ટ્રાફિક વ્યવસ્થા ખોરવાય નહીં જેની જરૂરી તકેદારી રાખવાની શરતે તથા જરૂરી સાઇન બોર્ડ તેમજ બેરીકેટીંગ કરવાની શરતે તેમજ સદર કામગીરી દરમ્યાન કોઈ વી.વી.આઈ.પી. મુવમેન્ટ કે અન્ય કારણોસર રસ્તો ખુલ્લો કરવાનો થાય તો અત્રેથી તથા પોલીસ તરફથી કોઈ સૂચના આપવામાં આવે તો તેનું ચુસ્ત પાલન કરવાની શરતે ઉપર મુજબના વૈકલ્પિક માર્ગ ઉપર ઉપરોક્ત દર્શાવેલ સમયગાળા દરમ્યાન ટ્રાફિકને લગતી તમામ શરતોને આધીન રહી ટ્રાફિક ડાયવર્ઝન આપવામાં આવે તો યોગ્ય હોવા અંગેનો અભિપ્રાય થાણા અધિકારીશ્રીઓ તરફથી મળેલ છે. જેથી ટ્રાફિકને લગતી તમામ સૂચનાઓનો ચુસ્ત પણે અમલ કરવામાં આવે તે રીતે નિયત કરેલ ડાયવર્ઝન આપવામાં આવે તો અત્રેથી કાંઇ વાંધા સરખુ નથી.

પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરના આમુખ-(૨)ના અહેવાલ મુજબ તમામ ટ્રાફિક સૂચનાઓનું તેમજ વી.વી.આઇ.પી.મુવમેન્ટ કે અન્ય કારણોસર અત્રેથી તેમજ પોલીસ અધીક્ષકશ્રી તરફથી વખતોવખત કોઇ જરૂરી સૂચનાઓનું યોગ્ય પાલન કરવામાં આવે તદઉપરાંત યોગ્ય ટ્રાફિક

માર્શલો તથા સાઇનેઝ બોર્ડ તેમજ બેરીકેટીંગ લગાવી ટ્રાફિકને લગતી તમામ શરતોને આધીન રહી ઉક્ત સમયગાળા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂં જાહેર હિતમાં હું એન. આર. શર્મા જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મળેલ સત્તાની રૂએ નીચે દર્શાવ્યા મુજબની વિગતે તથા નીચે જણાવેલ રસ્તા પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ કરવા તેમજ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**: પ્રતિબંધીત રૂટ :**

- તા. ૦૧/૧૧/૨૦૨૫ થી તા.૧૫/૧૨/૨૦૨૫ સુધી દિવસ ૪૫ સુધી ખ-૨ થી ખ-૧ રોડ પર ડાબી બાજુનો રોડ બંધ રાખીને કામગીરી કરવામાં આવનાર હોઇ તમામ વાહન વ્યવહાર માટે પ્રવેશ પ્રતિબંધ રહેશે.
- તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી દિવસ ૯૨ સુધી ખ-૧ થી નાના ગ-૧ રોડ પર ડાબી બાજુનો રોડ બંધ રાખીને કામગીરી કરવામાં આવનાર હોઇ તમામ વાહન વ્યવહાર માટે પ્રવેશ પ્રતિબંધ રહેશે.

**: ડાયવર્ઝન રૂટ :**

- તા. ૦૧/૧૧/૨૦૨૫ થી તા.૧૫/૧૨/૨૦૨૫ સુધી દિવસ ૪૫ સુધી ખ-૨ થી ખ-૧ રોડ પર ડાબી બાજુનો રોડ બંધ રાખીને કામગીરી કરવામાં આવનાર છે. જે અન્વયે સદર કામગીરી દરમ્યાન તેની સામેની બાજુનો રોડ ખુલ્લો રાખી સીંગલ લાઇનમાં વાહનો ડાયવર્ટ કરવામાં આવે છે.
- તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી દિવસ ૯૨ સુધી ખ-૧ થી નાના ગ-૧ રોડ પર ડાબી બાજુનો રોડ બંધ રાખીને કામગીરી કરવામાં આવનાર છે. જે અન્વયે સદર કામગીરી દરમ્યાન તેની સામેની બાજુનો રોડ ખુલ્લો રાખી સીંગલ લાઇનમાં વાહનો ડાયવર્ટ કરવામાં આવે છે.

સદર જગ્યાએ રાત્રીના સમયે દેખાય તે રીતેના ડાયવર્ઝન અંગેના જરૂરી સાઇનેઝીંગ બોર્ડ (સાઈનબોર્ડ ૪ ફૂટ × ૬ ફૂટ) ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં લગાડવાની વ્યવસ્થા કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ-૩, ગાંધીનગરએ તથા બેરીકેટીંગની વ્યવસ્થા પોલીસ અધીક્ષકશ્રી, ગાંધીનગરએ કરવાની રહેશે.

વધુમાં, હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમને સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા સદરહુ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલો ચોટાડી સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની પ્રસિદ્ધિ કરવામાં આવે.

સદરહું હુકમ/જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા.૩૦/૧૦/૨૦૨૫ ના રોજ મારા સહી સિક્કા કરી આપ્યો.

**એન. આર. શર્મા,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ગાંધીનગર.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2025.11.20 21:29:21 IST